# જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૩/૨૦૨૩, તા.૧૧/૬/૨૦૨૩

હું, પ્રેમ વીર સિંહ, IPS, ઇ/ચા.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે આજરોજ તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ અમદાવાદ શહેરમાં રાહુલ ટાવર, સીમા હોલની સામે ૧૦૦ ફુટ રીંગ રોડ, જોધપુર ખાતે એક જાહેરસભાનો કાર્યક્રમ થનાર છે. જે કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા VIP/VVIP શ્રી તથા આમજનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આજરોજ તા.૧૧/૬/૨૦૨૩ ના રોજ રાહુલ ટાવર, સીમા હોલની સામે ૧૦૦ ફુટ રીંગ રોડ, જોધપુર ખાતે એક જાહેરસભાનો કાર્યક્રમ થનાર છે. જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ/વિસ્તાર પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | રાહુલ ટાવરથી સીમા હોલ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | ➢ શ્યામલ ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક ધનંજય ટાવર ચાર રસ્તાથી જમણી બાજુ વળી નેહા પાર્ક સોસાયટી થઇ દિવાન પકોડી સેન્ટર થઇ જોધપુર ગામ થઇ રિદ્ધી ટાવર થઇ બાલાજી ગાર્ડન તરફ અવર-જવર કરી શકાશે.<br>➢ કિરણ મોટર્સ ચાર રસ્તા થઇ પાંચા તળાવ થઇ ચામુંડા ફાટક થઇ વસ્ત્રાપુર ફાટક થઇ સુર્યનગરના છાપરા થઇ રેડીયો મીર્ચી રોડ થઇ ધનંજય ટાવર ચાર રસ્તા તરફ અવર-જવર કરી શકાશે.<br>➢ કિરણ મોટર્સ થી ડાબી બાજુ વળી શીરીન ટાવર થઇ સીવી હોસ્પીટલ થઇ જલારામ ચાર રસ્તા થઇ સોપાન (આંગન પાર્ટી પ્લોટ થઇ પુષ્પક એપાર્ટમેન્ટ સુધી અવર-જવર કરી શકાશે.<br>➢ આર.જે.પી. બિલ્ડીંગ થઇ સિદ્ધેશ્વર પાર્ક થઇ આનંદનગર ચાર રસ્તા થઇ કિરણ મોટર્સ થી એસ.જી.હાઇવે તરફ અવર-જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની તારીખ અને સમય :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૧/૬/૨૦૨૩ ના કલાક ૧૬.૦૦ થી ૨૨.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો

ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧/૬/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૧/૬/૨૦૨૩
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

(પ્રેમ વીર સિંહ)
ઇ/ચા.પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિદ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિદ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવા સારૂં.